# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં
## સ્નાતક કક્ષાના એ – ગ્રુપના અભ્યાસક્રમો અંગેની

# માહિતી પુસ્તિકા

શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮-૧૯

"એ" - ગ્રુપ
ફિઝીક્સ
કેમેસ્ટ્રી
મેથેમેટીક્સ

નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી - ૩૯૬ ૪૫૦

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ - ૩૮૮ ૧૧૦

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ - ૩૬૨ ૦૦૧

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદાર કૃષિનગર - ૩૮૫ ૫૦૬

બી.ટેક. (ડેરી ટેકનોલોજી)
બી.ટેક. (એગ્રી. એન્જી.)
બી.ટેક. (ફૂડ ટેકનોલોજી)
બી.ટેક. (રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટલ એન્જી.)
બી.ટેક. (એગ્રીકલ્ચરલ ઇન્ફર્મેશન ટેકનોલોજી)

વિશેષ નોંધ :

બી.એસસી. (ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ અભ્યાસક્રમમાં "એ" ગ્રુપ તથા "બી" ગ્રુપના ઉમેદવારો પ્રવેશપાત્ર છે. જેથી આવા ઉમેદવારોએ સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સંપર્ક કરવાનો રહેશે.

(વેબસાઈટ : www.sdau.edu.in)

આ માહિતી પુસ્તિકા વેબસાઈટ www.a.gsauca.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. આ માહિતી પુસ્તિકાની પ્રિન્ટ કોપી જે તે હેલ્પ સેન્ટર પર રૂા. ૫૦/- ચુકવીને મેળવી શકાશે.

કિંમત : રૂા. ૫૦/-

## "એ" - ગ્રુપના સંલગ્ન અભ્યાસક્રમોના પ્રવેશ અંગેની અગત્યની તારીખો

## PROVISIONAL KEY DATES SCHEDULE FOR UNDERGRADUATE

### For latest updates see website www.gsauca.in, www.a.gsauca.in & www.nau.in

| Sr. No. | Activities | Date From | Date To |
|---|---|---|---|
| 1 | Display of online Information Booklet on the website www.gsauca.in, a.gsauca.in & www.nau.in<br>વેબસાઇટ પર માહિતી પુસ્તિકાની ઉપલબ્ધતા | 17.05.2018 | - |
| 2 | Printing of Bank Challan for application form from the www.gsauca.in/ a.gsauca.in & www.nau.in and Deposition of application fee through Bank Challan in any branch of HDFC through Debit Card/Credit Card/ Net Banking<br>અરજી ફોર્મ માટે બેંક ચલણ પ્રિન્ટ કરવું અને બેંક ચલણ દ્વારા અરજી ફી HDFC બેંકની કોઇપણ શાખામાં ભરવી અથવા ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ/નેટ બેંકીંગ દ્વારા પણ ભરી શકાશે. | 04.06.2018 | 18.06.2018 |
| 3 | Online registration & submission of filled application form after verification with necessary documents at the Help Centers (9.30 am to 5.30 pm )<br>હેલ્પ સેન્ટર ખાતે ઓનલાઇન ફોર્મની ચકાસણી કરાવવા માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવું. (સવારે ૯.૩૦ થી સાંજે ૫.૩૦ કલાક સુધી. મહિનાનો બીજો અને ચોથો શનિવાર તથા રવિવાર અને જાહેર રજાના દિવસ સિવાય ) | 05.06.2018 | 20.06.2018 |
| 4 | Choice filling for Mock Round for the selection of colleges of the respective degree programme after verification of the application forms with necessary documents at the Help Centers<br>ચોઇસ ફિલિંગ મોક રાઉન્ડ માટે હેલ્પ સેન્ટર ખાતે ઓનલાઇન ફોર્મ અસલ પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવ્યા બાદ સંલગ્ન અભ્યાસક્રમની કોલેજ પસંદગી કરવી | 05.06.2018 | 20.06.2018 |
| 5 | Display of Seat Allotment of Mock Round and Provisional Merit<br>મોક રાઉન્ડનું પરીણામ અને કામચલાઉ મેરીટ યાદી | 27.06.2018 | 30.06.2018 |
| 6 | Alteration of choices by the candidates for actual Admission : Round 1<br>પસંદગી કોલેજમાં એડમિશન માટેની અંતિમચોઇસ ફિલિંગ : રાઉન્ડ - ૧ | 27.06.2018 | 30.06.2018 |
| 7 | Declaration of First Allotment List<br>પ્રથમ કોલેજ ફાળવણી યાદી | 12.07.2018 | - |
| 8 | Deposition of fees in the Bank or through online Banking<br>બેંકમાં ફી ભરવી અને જો ફાળવેલ કોલેજમાં એડમીશન "સ્વીકાર્ય" હોય અને બીજા રાઉન્ડમાં ભાગ ન લેવો હોય તો જે તે કોલેજ ખાતે હાજર રહેવું. વધુમાં જે વિદ્યાથીને ફાળવેલ કોલેજ સિવાય પછીના રાઉન્ડમાં ભાગ લેવો હોય તો તેને બેંકમાં ફક્ત ફી ભરવાની રહેશે. | 12.07.2018 | 16.07.2018 |
| 9 | Daily reporting to Director of Information Technology (NAU) by the Principal of the concerned college for reported students<br>કોલેજના આચાર્ય દ્વારા ઓનલાઇન કોલેજ ફાળવણી કરેલ વિદ્યાથીઓમાંથી રીપોર્ટિંગ કરેલ વિદ્યાથીઓની યાદી દરરોજ નિયામકશ્રી, આઇટી, નકૃયુ, નવસારીને મોકલવી | 12.07.2018 | 16.07.2018 |
| 10 | Display of vacant seats after Round-1 with cut off marks<br>પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેતી બેઠકોની વિગતો (કટ ઓફ માર્કસ સાથે)ની યાદી | 20.07.2018 | - |
| 11 | Declaration of Second Allotment List<br>દ્વિતીય કોલેજ ફાળવણી યાદી | 26.07.2018 | - |
| 12 | Reporting at the respective College with Original Documents/ Certificates/ Testimonials<br>જે-તે કોલેજ ખાતે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવું | 26.07.2018 | 30.07.2018 |
| 13 | Daily reporting to Director of Information Technology (NAU) by the Principal of the concerned college for reported students<br>કોલેજના આચાર્ય દ્વારા ઓનલાઇન કોલેજ ફાળવણી કરેલ વિદ્યાથીઓમાંથી રીપોર્ટિંગ કરેલ વિદ્યાથીઓની યાદી દરરોજ નિયામકશ્રી, આઇટી, નકૃયુ, નવસારીને મોકલવી | 26.07.2018 | 30.07.2018 |
| 14 | Commencement of Academic Term<br>શૈક્ષણિક સત્રની શરૂઆત | 01.08.2018 | - |

**Note :**

- Online form can be filled up next day after 4.00 p.m. after successful deposition of application fee Rs. 200/- through Bank Challan in any branch of HDFC or through Debit Card/Credit Card/Net Banking
- ઉપર દર્શાવેલ તારીખોમાં ફેરફારને અવકાશ હોઈ છેલ્લામાં છેલ્લી માહિતી માટે વેબસાઈટ www.gsauca.in, www.a.gsauca.in & www.nau.in ની મુલાકાત લેવી.
- ઉપરોકત બે ઓનલાઇન રાઉન્ડ બાદ ખાલી રહેલ બેઠકો માટે રૂબરૂ કાઉન્સેલિંગ ટકાવારીના આધારે જનરેટ કરવામાં આવેલ નવી જનરલ મેરીટ યાદી મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. રૂબરૂ કાઉન્સેલિંગના કાર્યક્રમ વેબસાઇટ પર મૂકવામાં આવશે.
- બીજા ઓનલાઇન રાઉન્ડનાં અંતે જે ઉમેદવારોએ ટોકન ફી ભરેલ ન હોય અને રૂબરૂ કાઉન્સેલિંગ રાઉન્ડમાં ભાગ લેવાની સંમતિ દર્શાવેલ ન હોય તેવા ઉમેદવારોના નામ રૂબરૂ કાઉન્સેલિંગ માટે જનરેટ કરવામાં આવેલ નવી જનરલ મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે નહીં.
- શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ પ્રવેશ મેળવેલ કોલેજમાં ઉમેદવાર સતત પંદર દિવસ ગેરહાજર રહેશે તો તેનો પ્રવેશ આપોઆપ રદપાત્ર ઠરશે અને ખાલી થયેલ સીટ નિયમોનુસાર ભરવામાં આવશે. જે અંગે ઉમેદવારનો કોઇ હક્ક દાવો માન્ય રહેશે નહી.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧ | ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટેનાં હેલ્પ સેન્ટર | ૧ |
| ૨ | પ્રવેશક્ષમતા | ૨ |
| ૩ | પ્રવેશ લાયકાત | ૪ |
| ૪ | ઉંમર | ૬ |
| ૫ | અનામત બેઠકો અને પાત્રતા | ૭ |
| ૬ | મેરીટ લિસ્ટ | ૧૦ |
| ૭ | ફીનું ધોરણ | ૧૧ |
| ૮ | ખોટા પ્રમાણપત્રો રજૂ કરવાથી પ્રવેશ રદ્દ થવો | ૧૨ |
| ૯ | અભ્યાસક્રમની સામાન્ય માહિતી | ૧૨ |
| ૧૦ | પ્રવેશ પ્રક્રિયા | ૧૨ |
| ૧૧ | એન્ટી રેગીંગ કમિટી | ૧૪ |
| ૧૨ | વિદ્યાર્થીનીઓને હેરાનગતિ બાબત | ૧૪ |
| ૧૩ | ડિસ્ક્લેઈમર | ૧૪ |
| ૧૪ | ગત વર્ષના પ્રવેશના કટ ઓફ માર્કસ | ૧૫ |
| ૧૫ | વિશેષ નોંધ | ૧૭ |

# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓની
# વિવિધ કોલેજોમાં ચાલતા
# એ-ગૃપના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની માહિતી

આ માહિતી પુસ્તિકામાં ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ જેવી કે નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ; સરદાર કૃષિ નગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર; તથા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢમાં ચાલતા સ્નાતક કક્ષાના એ-ગૃપના અભ્યાસક્રમોની માહિતી આપેલ છે. અભ્યાસક્રમોમાં પ્રવેશ, કોર્ષ તેમજ વિનિયમોને લગતી તમામસત્તા જે તે યુનિવર્સિટીને અબાધિત રહેશે અને વિધાર્થી અને યુનિવર્સિટીઓના હિતમાં જરૂર પડ્યે તેને બદલવાની સત્તા પણ યુનિવર્સિટીની રહેશે.

પુસ્તિકામાં આપેલ માહિતી ફક્ત માર્ગદર્શન માટે છે. જેનો ઉપયોગ કાયદાકીય દસ્તાવેજ તરીકે કરી શકાશે નહીં.

**સંપર્ક સૂત્રો:**

| ક્રમ | યુનિવર્સિટી | હોદ્દો | ફોન |
|---|---|---|---|
| ૧ | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ- 388110 | મદદનીશ કુલસચિવ (એકેડેમિક) | 02692-264462 |
| ૨ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ - 362001 | મદદનીશ કુલસચિવ (એકેડેમિક) | 0285-2673040 |
| ૩ | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી - 396450 | મદદનીશ કુલસચિવ (એકેડેમિક) | 02637-282823 |
| ૪ | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર - 385506 | મદદનીશ કુલસચિવ (એકેડેમિક) | 02748-278229 |

નોંધ : જે યુનિવર્સિટીમાં ફોર્મ ચકાસણી કરાવેલ હોય તે જ યુનિવર્સિટીના સંપર્કસૂત્રનો  વધુ માહીતી માટે સંપર્ક કરવો .

# ૧. ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર

| | | | |
|---|---|---|---|
| **આણંદ કૃષિ યુનિવર્સિટી** | | | |
| ૧ | કોલેજ ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી, જાગનાથ મહાદેવ પાસે, આણંદ | આણંદ | 02692-261486 |
| ૨ | કોલેજ ઓફ એગ્રીકલ્ચર, વસો | વસો | 0268-2553108 |
| ૩ | શેઠ ડી. મ. બાગાયત પોલિટેકનિક, એલેમ્બિક રોડ, મોડેલ ફાર્મ, વડોદરા | વડોદરા | 0265-2281880 |
| ૪ | કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી, ગોધરા | ગોધરા | 02672-265128 |
| **જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી** | | | |
| ૧ | કૃષિ મહાવિદ્યાલય, મોતીબાગ, ગેટ ન. 2, વંથલી રોડ, જૂનાગઢ | જૂનાગઢ | 0285-2670289 |
| ૨ | કૃષિ મહાવિદ્યાલય, આદિત્યાણા રોડ, સેન્ટ જોસેફ સ્કુલ સામે, ખાપટ-૩૬૦૫૭૯ (જિલ્લો-પોરબંદર) | ખાપટ | 0286-1912562 |
| ૩ | કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, મોતીબાગ ગેટ ન. 2, વંથલી રોડ, જૂનાગઢ | જૂનાગઢ | 0285-2671018 |
| ૪ | પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, મોતીબાગ, ગેટ ન. 2, વંથલી રોડ, જૂનાગઢ | જૂનાગઢ | 0285-2670722 |
| ૫ | મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય, રાજેન્દ્ર ભુવન રોડ, વેરાવળ | વેરાવળ | 02876-221053 |
| ૬ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, એરફોર્સ રોડ, દીગજામમીલ ની સામે, જામનગર | જામનગર | 0288-2710165 |
| ૭ | પોલિટેકનિક ઇન એગ્રિકલ્ચર, ધારી (જિ અમરેલી) | ધારી | 02797-221112 |
| ૮ | પોલિટેકનિક ઇન એગ્રિકલ્ચરલ એન્જીનીયરીંગ, તરઘડીયા, રાજકોટ | તરઘડીયા | 0281-2784748 |
| ૯ | પોલિટેકનિક ઇન હોમસાયન્સ, કેરીયા રોડ, અમરેલી | અમરેલી | 02792-220293 |
| ૧૦ | કપાસ સંશોધન કેન્દ્ર, કુકડા | કુકડા | 02756-291891 |
| ૧૧ | મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર, કોડીનાર | કોડીનાર | 02795-221473 |
| ૧૨ | કૃષિ સંશોધન કેન્દ્ર (ફળ પાકો ), મહુવા | મહુવા | 02844-222593 |
| ૧૩ | ફીશરીઝ સંશોધન કેન્દ્ર, ઓખા | ઓખા | 02892-262056 |
| **નવસારી કૃષિ યુનિવર્સિટી** | | | |
| ૧ | ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી | નવસારી | 02637-282766 |
| ૨ | અસ્પી કોલેજ ઓફ હોર્ટિકલ્ચર એન્ડ ફોરેસ્ટ્રી, નવસારી | નવસારી | 02637-282745<br>02637-282744 |
| ૩ | વનબંધુ કોલેજ ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનીમલ હસબન્ડરી, નવસારી | નવસારી | 02637-282299<br>02637-282964 |
| ૪ | કોલેજ ઓફ એગ્રીકલ્ચર, ભરૂચ | ભરૂચ | 02642-246152 |
| ૫ | કોલેજ ઓફ એગ્રીકલ્ચર, વઘઈ, જિ. ડાંગ | વઘઈ | 02631-246688 |
| ૬ | અસ્પી શકીલમએગ્રીકલ્ચર બાયોટેકનોલોજી ઇન્સ્ટીટયુટ, ઘોડદોડ રોડ, સુરત | સુરત | 0261-2668046 |
| ૭ | ફિશરીઝ કોલેજ, નવસારી | નવસારી | 02637-282964 |
| ૮ | કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, ડેડીયાપાડા | ડેડીયાપાડા | 02637-235220 |
| **સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી** | | | |
| ૧ | એગ્રીકલ્ચર ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી, સ.કૃ. નગર | સ.કૃ. નગર | 9428460379<br>7573017585 |
| ૨ | ચિ. પ. કૃષિ મહાવિદ્યાલય, સ.કૃ. નગર | સ.કૃ. નગર | 9427536608<br>9824277093 |
| ૩ | કોલેજ ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એ.એચ, સ.કૃ. નગર | સ.કૃ. નગર | 8140924405<br>9624757632 |
| ૪ | અસ્પી કોલેજ ઓફ હોમસાયન્સ એન્ડ ન્યુટ્રીશન, સ.કૃ. નગર | સ.કૃ. નગર | 7573017130<br>7433904953 |
| ૫ | જી. એન. પટેલ ડેરી સાયન્સ એન્ડ એફ. ટી. કોલેજ, સ.કૃ. નગર | સ.કૃ. નગર | 9427485677<br>9408585677 |
| ૬ | કોલેજ ઓફ હોર્ટિકલ્ચર, જગુદણ | જગુદણ | 9574077939 |
| ૭ | કોલેજ ઓફ રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જીનીયરીંગ, સ.કૃ. નગર | સ.કૃ. નગર | 9428460369<br>9099322978 |
| ૮ | કોલેજ ઓફ બેઝિક સાયન્સ એન્ડ હ્યુમનિટીઝ, સ.કૃ. નગર | સ.કૃ. નગર | 7698444184<br>9227964953 |
| ૯ | કોલેજ ઓફ એગ્રીકલ્ચર, થરાદ, જિ. બનાસકાંઠા | થરાદ | 9737555950<br>7359161240 |
| ૧૦ | પોલિટેકનિક ઇન એગ્રિકલ્ચર, ડીસા. | ડીસા | 9979413858<br>9825027969 |
| ૧૧ | પોલિટેકનિક ઇન એગ્રિકલ્ચર, ખેડબ્રહ્મા. | ખેડબ્રહ્મા | 9328017830<br>9429850782 |
| ૧૨ | શેઠ બી આર પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, જગુદણ | જગુદણ | 7874667530<br>9974536719 |
| ૧૩ | પોલિટેકનિક ઇન વેટેરનરી સાયન્સ, સ.કૃ. નગર | સ.કૃ.નગર | 9925310868<br>8347152627 |
| ૧૪ | રીજઓનલ રિસર્ચ સ્ટેશન, ભચાઉ (કચ્છ) | ભચાઉ | 9925337989<br>9624549722 |

**નોંધઃ હેલ્પ સેન્ટરો તા.૦૪.૦૬.૨૦૧૮ થી તા ૩૦.૦૬.૨૦૧૮ સુધી (રજાના દિવસો સિવાય) સવારે ૦૯:૩૦ થી ૧૭:૩૦ કલાક સુધી કાર્યરત રહેશે.**

**૨. પ્રવેશ ક્ષમતા (કેટેગરી પ્રમાણે) :**

૨.૧ ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અંતર્ગત ચાલતા સ્નાતક કક્ષાના એ ગ્રુપના વિવિધ અભ્યાસક્રમોની પ્રવેશ ક્ષમતા :

ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (એ - ગ્રુપ)

| અભ્યાસક્રમ | કોલેજ / યુનિવર્સિટી | કુલ બેઠકો | ICAR 15 % | અન્ય બોર્ડ 6.33% | કુલ બેઠકો (3-4-5) | જનરલ | અનુસુચિત જાતિ 7% | અનુસુચિત જનજાતિ 15% | શા.શૈ.પ.વ 27% | સેના કર્મચારીઓ માટે 1% | દિવ્યાંગ # 5% | પારસી જાતિ (વધારાની) | કાશ્મીરી માઈગ્રેંટ (વધારાની) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| બી.ટેક. (ડેરી ટેકનૉલોજી) | શેઠ મ. છ. ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય, આકૃયુ., આણંદ | 65 | 10 | 03 | 52 | 26 | 04 | 08 | 14 | - | 03 | 01 | 02 |
| બી.ટેક. (એગ્રી. એન્જી.) | કૃષિ ઈજનેરી અને ટેકનૉલોજી મહાવિદ્યાલય, આકૃયુ, ગોધરા | 50 | 08 | 03 | 39 | 20 | 03 | 06 | 10 | - | 02 | 01 | 02 |
| | કૃષિ ઈજનેરી અને ટેકનૉલોજી મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ | 90 | 13 | 05 | 72 | 36 | 05 | 11 | 19 | 01 | 04 | 01 | 02 |
| | કૃષિ ઈજનેરી મહાવિદ્યાલય, નકૃયુ, ડેડીયાપાડા | 30 | - | 02 | 28 | 14 | 02 | 04 | 08 | - | 01 | 01 | 02 |
| બી.ટેક. (ડેરી ટેકનૉલોજી) | શ્રી જી.એન. પટેલ ડેરી વિજ્ઞાન અને ફૂડ ટેકનૉલોજી મહાવિદ્યાલય, સદાકૃયુ, સ.કૃ.નગર | 40 | 06 | 02 | 32 | 16 | 02 | 05 | 09 | - | 02 | 01 | 02 |
| બી.ટેક. (ફૂડ ટેકનૉલોજી) | | 30 | 05 | 02 | 23 | 12 | 02 | 03 | 06 | - | 01 | 01 | 02 |
| બી.ટેક. (ફૂડ ટેકનૉલોજી) | કોલેજ ઓફ ફૂડ પ્રોસેસીંગ ટેકનૉલોજી એન્ડ બાયો એનર્જી મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ | 50 | 08 | 03 | 39 | 20 | 03 | 06 | 10 | - | 02 | 01 | 02 |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બી.ટેક. (રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જીનીયરીંગ) | રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જીનીયરીંગ મહાવિદ્યાલય, સદાંકૃયુ, સ.કૃ.નગર | 40 | 06 | 02 | 32 | 16 | 02 | 05 | 09 | - | 02 | 01 | 02 |

નોંધ : # સબંધિત કેટેગરીમાં એડજસ્ટ કરવામાં આવશે

**ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી/ મેથેમેટીક્સ (એ અને બી - ગૃપ)**

| અભ્યાસક્રમ | કોલેજ / યુનિવર્સિટી | કુલ બેઠકો | ICAR 15 % | અન્ય બોર્ડ 6.33% | કુલ બેઠકો (3-4-5) | જનરલ | અનુસુચિત જાતિ 7% | અનુસુચિત જનજાતિ 15% | શા.શૈ.પ.વ 27% | સેના કર્મચારીઓ માટે 1% | દિવ્યાંગ # 5% | પારસી જાતિ (વધારાની) | કાશ્મીરી માઈગ્રેંટ (વધારાની) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | **8** | **9** | **10** | **11** | **12** | **13** | **14** |
| *બી.ટેક. (એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનૉલોજી) | એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનૉલોજી મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ | 40 | - | 03 | 37 | 19 | 02 | 06 | 10 | - | 02 | 01 | 02 |

* A ગૃપ અથવા B ગૃપ અથવા AB ગૃપ

**૨.૨ ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો અને કાશ્મીરી વિસ્થાપિતો માટેની બેઠકો**

| | |
|---|---|
| ઉપરોક્ત પ્રવેશ ક્ષમતા ઉપરાંત નીચે મુજબની વધારાની બેઠકો રહેશે. | |
| (i) | ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે દરેક યુનિવર્સિટીની દરેક કોલેજમાં વધારાની એક બેઠક |
| (ii) | કાશ્મીરી વિસ્થાપીતો માટે દરેક યુનિવર્સિટીની દરેક કોલેજમાં વધારાની બે બેઠક |

આકૃયુ = આણંદ કૃષિ યુનિવર્સિટી

જૂકૃયુ = જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી

નકૃયુ = નવસારી કૃષિ યુનિવર્સિટી

સદાકૃયુ = સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી

| ૩.૦ | **પ્રવેશ લાયકાત :** | | |
|---|---|---|---|
| ૩-A | બી.ટેક. (ડેરી ટેકનોલોજી) / બી.ટેક (એગ્રી.એન્જી.) / બી.ટેક. (ફૂડ ટેકનોલોજી) / બી.ટેક. (રીન્યુએબલ એનર્જી એન્ડ એનવાયરમેન્ટલ એન્જી.) / બી.ટેક. (એગ્રી. ઈન્ફોર્મેશન ટેકનોલોજી) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે | | |
| ૩.૧ | ઉમેદવાર ગુજરાતનો રહેવાસી હોવો જોઈએ અને તેણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા (ધો.12) વિજ્ઞાન પ્રવાહના ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (એ-ગ્રુપ) / ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, મેથેમેટીક્સ (એબી-ગ્રુપ) સહિત અંગ્રેજી વિષય સાથે ગુજરાત બોર્ડ અથવા માન્યતાપ્રાપ્ત રાજ્યના અન્ય બોર્ડ માંથી પાસ કરેલ હોવી જોઈએ | | |
| | (A) | બી.ટેક. (ડેરી ટેકનોલોજી) / બી.ટેક (એગ્રી.એન્જી) / બી.ટેક. (ફૂડ ટેકનોલોજી) / બી.ટેક. (રીન્યુએબલ એનર્જી એન્ડ એનવાયરમેન્ટલ એન્જી.) અભ્યાસક્રમો માટે ધો. 12ની પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાન, રાસાયણિક વિજ્ઞાન અને ગણિત (ગૃપ-એ) વિષયોની થીયરીમાં (ગ્રેસીંગ માર્કસ સિવાય) કેટેગરી વાઈઝ ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ. | |
| | | (i) અનુસૂચિત જાતિના વિદ્યાથીઓ માટે | 35% |
| | | (ii) અનુસૂચિત જનજાતિના વિદ્યાથીઓ માટે | 35% |
| | | (iii) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાથીઓ માટે | 40% |
| | | (iv) અન્ય તમામ વિદ્યાથીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય | 40% |
| | (B) | બી.ટેક. (એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી) અભ્યાસક્રમ માટે ધો. 12ની પરિક્ષામાં ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી (ગૃપ-બી) અથવા ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (ગૃપ-એ) અથવા ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી/મેથેમેટીક્સ (પૈકી ગૃપ-એ અથવા ગૃપ-બી પૈકી જેમાં વધુ ગુણ મેળવેલ છે તેવા) વિષયોની થીયરીમાં (ગ્રેસીંગ માર્કસ સિવાય) કેટેગરી વાઈઝ ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ. | |
| | | (i) અનુસૂચિત જાતિના વિદ્યાથીઓ માટે | 35% |
| | | (ii) અનુસૂચિત જનજાતિના વિદ્યાથીઓ માટે | 35% |
| | | (iii) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાથીઓ માટે | 40% |
| | | (iv) અન્ય તમામવિદ્યાથીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય | 40% |
| ૩.૨ | પ્રવેશ માટે ઉમેદવારે નીચેના બોર્ડમાંથી પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ : | | |
| | (A) | ગુજરાત બોર્ડ અથવા | |
| | (B) | અન્ય બોર્ડમાંથી 10+2 પધ્ધતિ અંતર્ગત ભૌતિક વિજ્ઞાન, રાસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન અથવા ગણિત અને અંગ્રેજી વિષય સાથે ધો.12 ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. આવા ઉમેદવારોને પ્રો-રેટાને આધારે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાટે ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓની મધ્યસ્થ પ્રવેશ સમિતિ નક્કી કરે તે પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે. | |
| | | **(i)** સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) | |
| | | (a) ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઈએ | |
| | | (b) ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે શાળા દીવ - દમણ અને દાદરા નગર હવેલીમાં આવેલી હોય અને તેના વાલી ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. | |

| | | |
|---|---|---|
| | | **(ii)** કાઉન્સિલ ઓફ ઇન્ડિયન સ્કૂલ ઓફ સર્ટીફીકેટ એક્ઝામીનેશન, ન્યુ દિલ્હી (CISE) |
| | | (a) ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે શાળા ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએ |
| | | (b) ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે શાળા દીવ - દમણ અને દાદરા નગર હવેલીમાં આવેલી હોય અને તેના વાલી ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. |
| | | **(iii)** નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બીન અનામત સ્કુલિંગ (NIOS) |
| | | (a) ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે શાળા ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએ |
| | | (b) ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે શાળા દીવ - દમણ અને દાદરા નગર હવેલીમાં આવેલી હોય અને તેના વાલી ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય.<br>**(iv)** ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ (ISB)<br>(a) ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે શાળા ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએ<br>(b) ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે શાળા દીવ - દમણ અને દાદરા નગર હવેલીમાં આવેલી હોય અને તેના વાલી ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. |
| | (C) | જો ઉમેદવાર ગુજરાત રાજયના નિઝર તાલુકાનો રહેવાસી હોય અને ધોરણ-12ની પરીક્ષા મહારાષ્ટ્ર બોર્ડમાંથી પાસ કરેલ હોય તેમજ પ્રવેશ માટેની ન્યુનતમશૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તો આવા અરજદારે થીયરી અને પ્રેક્ટિકલના જૂદા જૂદા ગુણ દર્શાવતી માર્કશીટ જે તે સ્કુલના આચાર્યશ્રીની સહીવાળી રજૂ કરવાની રહેશે તેમજ તેણે ચાલુ વર્ષે GUJCET પરીક્ષા આપેલી હોવી જોઇએ. |
| ૩.૩ | જે ઉમેદવારના માતા-પિતા ગુજરાત રાજયના મૂળ વતની હોય અને ગુજરાત રાજયની બહાર નીચે દર્શાવેલ નોકરીની કેટેગરીમાં નોકરી કરતા હોય, તેણે ધોરણ-12ની પરીક્ષા તેના માતા-પિતા નોકરી કરતા હોય તે રાજયમાંથી પાસ કરી હોય અને GUJCET કે તેની સમકક્ષ ગુજરાત સરકાર દ્વારા વખતો વખત માન્ય કરાયેલ પ્રવેશ પરીક્ષા ચાલુ વર્ષે આપેલી હોય તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેનો સમાવેશ મેરીટ-લિસ્ટમાં યોગ્ય જગ્યાએ કરવામાં આવશે. | |
| ૩.૪ | I | જે ઉમેદવારના વાલીની બદલી ગુજરાત રાજયમાં થઈ હોય અને રજિસ્ટ્રેશન સુધીમાં ફરજ પર હાજર થઈ ગયા હોય અને ત્યાં રજિસ્ટ્રેશન સુધી ફરજ પર રહેવાના હોય તેણે ધોરણ-૧૨ની પરીક્ષા તથા ચાલુ વર્ષની GUJCET કે તેની સમકક્ષ ગુજરાત સરકાર દ્વારા વખતો વખત માન્ય કરાયેલ પ્રવેશ પરીક્ષા આપેલ હોય તેઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેમનો સમાવેશ (બીજા પ્રકારના મેરીટ લીસ્ટમાં કરવામાં આવશે.) |
| | II | તેના વાલી નીચે દર્શાવેલ કેટેગરીમાં નોકરી કરતા હોય |
| **નોકરીની કેટેગરી :** | | |
| • | કેન્દ્ર સરકારના અધિકારી અથવા કર્મચારી, | |
| • | કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના જાહેર સાહસોના અધિકારી અથવા કર્મચારી, | |
| • | રાષ્ટ્રીયકૃત બેન્કના અધિકારી અથવા કર્મચારી, | |
| • | ગુજરાત રાજયમાં આવેલ UNO/UNICEF/WHO જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી અથવા કર્મચારી, | |
| • | ગુજરાત કેડરના ભારતીય સનદી સેવા/ ભારતીય જંગલ સેવાના/ ભારતીય પોલીસ સેવાના અધિકારી કર્મચારી કે જેઓ, ગુજરાત અથવા જે રાજયમાં કે ગુજરાત રાજય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે. | |

| | | | |
|---|---|---|---|
| • | ગુજરાત રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ કે જેઓ વહીવટી કારણોસર ગુજરાત રાજ્ય બહાર ફરજ બજાવે છે. | | |
| ૩.૫ | જે ઉમેદવારે | | |
| | i | ગુજરાત રાજ્યમાં આવેલી કોઈપણ જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ 8 સુધી અભ્યાસ કરેલ હોય અને | |
| | ii | ત્યારબાદ અન્ય રાજ્યમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત અભ્યાસ કરેલ હોય અને | |
| | iii | ગુજરાત સિવાયના રાજ્યમાં આવેલ નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ - 12 ની પરીક્ષા પાસ કરેલ હોય અને | |
| | iv | ચાલુ વર્ષે GUJCET પ્રવેશ પરીક્ષા આપેલ હોય તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેનો સમાવેશ પણ બીજા પ્રકારના મેરીટ લિસ્ટમાં કરવામાં આવશે. | |
| | નોંધ : | "જવાહર નવોદય વિદ્યાલય" યોજના એટલે કે, જવાહર નવોદય વિદ્યાલય યોજના કે જે રાષ્ટ્રીય શૈક્ષણિક પોલીસી હેઠળ કેન્દ્ર સરકાર ધ્વારા વર્ષ 1985-86 દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલતી નવોદય વિદ્યાલય સમિતિ (સ્વાયત્ત સંસ્થા) ધ્વારા સંચાલિત છે. | |
| ૩.૬ | રમત-ગમતમાં ભાગ લીધેલ ઉમેદવારને તમામસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નીચે મુજબ વધારાના ટકા આપવામાં આવે છે : | | |

| ક્રમ | સ્પર્ધા | ટકા | |
|---|---|---|---|
| **i** | આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવો | 7 | |
| **ii** | રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવો | 1 | |
| | (a) પ્રથમક્રમાંક મેળવેલ હોય તો | 5 | |
| | (b) દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | 3 | |
| | (c) તૃતીય ક્રમાંક મેળવેલ હોય તો | 2 | |
| iii | રાજ્ય સ્તરની સ્પર્ધામાં | | |
| | (a) પ્રથમક્રમાંક મેળવેલ હોય તો | 1 | |
| | (b) દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | 0.5 | |

નોંધ : આ લાભ ઉમેદવારને તેના અભ્યાસકાળ દરમ્યાન ફક્ત એક વખત મળવાપાત્ર થશે.

**૪.૦ ઉંમર :**

સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ચાલુ વર્ષની તા.: 01-08-2018 સુધીમાં ઓછામાં ઓછા 17 વર્ષ પૂરા કરેલા હોવા જોઈએ.

| | |
|---|---|
| **૫.૦** | **અનામત બેઠકો અને પાત્રતા :** |
| ૫.૧ | યુનિવર્સિટી ધ્વારા પ્રવેશ માટે નીચે મુજબની બેઠકો અનામત રાખવામાં આવેલ છે : |

| | | | |
|---|---|---|---|
| ૧. | ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થાના ઉમેદવારો માટે | 15% | |
| ૨. | ગુજરાત રાજ્યના ઉમેદવારો માટે | 85% | |

ગુજરાત રાજ્યના ઉમેદવારો માટેની બેઠકો નીચે દર્શાવેલ કેટેગરી મુજબ અનામત રહેશે :

| | | |
|---|---|---|
| અનુસૂચિત જાતિ | 7% | આ કેટેગરીની અનામત બેઠકો એકબીજામાં તબદીલ થઈ શકશે. |
| અનુસૂચિત જનજાતિ | 15% | |
| સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (ઉન્નત વર્ગમાં સમાવિષ્ઠ ન હોય તેવા) | 27% | ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા માન્યતા પ્રાપ્ત |
| દિવ્યાંગ | 5% | જે - તે કેટેગરીમાં સમાવિષ્ઠ થશે |
| સેનામાં કાર્યરત અથવા સેનામાંથી નિવૃત્ત કર્મચારીના સંતાનો | 1% | - |

કોઈપણ સંજોગોમાં આ ટકાવારીથી વધારે સંખ્યામાં અથવા યુનિવર્સિટી ધ્વારા નક્કી કરાયેલ જરૂરી લાયકાત કરતા ઓછી લાયકાત ધરાવતા ઉમેદવારથી જે - તે કેટેગરીની બેઠકો ભરી શકાશે નહી.

| | |
|---|---|
| ૫.૨ | અનામત બેઠકો માટે સામાન્ય શરતો : |

વિવિધ કેટેગરીના ઉમેદવારો માટેની અનામત બેઠકો નીચેની શરતોને આધિન રહેશે.

| | |
|---|---|
| ૧. | કોઈપણ ઉમેદવારને એક સમયે એક જ અનામત બેઠક કે લાયકાતમાં છૂટછાટ મળશે. |
| ૨. | કોઈપણ સંજોગોમાં કોઈપણ કેટેગરીની અમુક કે બધી બેઠકો ઓછા ઉમેદવારો અથવા જરૂરી લાયકાત ન ધરાવતા ઉમેદવારો ને કારણે ખાલી રહેશે તો તેને બિનઅનામત કેટેગરીમાં ગણવામાં આવશે અને તે બીન અનામત કેટેગરીના ઉમેદવારોથી મેરીટના આધારે ભરવામાં આવશે. |

| | |
|---|---|
| ૫.૩ | અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો : |

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટેની અનામત બેઠકોનું પ્રમાણ રાજ્ય સરકાર ધ્વારા વખતોવખત નક્કી થયા મુજબનું રહેશે. જે હાલમાં નીચે મુજબ છે :

| | |
|---|---|
| ૧. | 22% બેઠકો આ બન્ને પછાતવર્ગના ઉમેદવારો માટે અનામત રાખવામાં આવશે. જે પૈકીની 7% બેઠકો અનુસૂચિત જાતિ અને 15% બેઠકો અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત રહેશે |
| ૨. | જે ઉમેદવારો તેમના મેરીટ પ્રમાણે બિનઅનામત કેટેગરીમાં પ્રવેશપાત્ર હોય તેઓનો સમાવેશ અનામત બેઠકો પર કરવાનો રહેશે નહી |

નોંધ :

- આ બન્ને અનામત બેઠકોના ગૃપ પૈકી કોઈ એક ગૃપમાં ઓછા અરજદારોને લીધે બેઠકો ખાલી રહે તો એકબીજીની નિર્ધારીત 7% અને 15% અનામત બેઠકોમાં પ્રવેશ આપી શકાશે.

| | | | |
|---|---|---|---|
| | • | | આ બન્ને પછાતવર્ગની કોઈપણ એક કેટેગરીમાં અનામત બેઠકો કરતા વધારે ઉમેદવારો હોય તો તેમને જે - તે કેટેગરીના મેરીટ લિસ્ટ મુજબ પ્રવેશ આપવાનો રહેશે. |
| | • | | અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે તે કેટેગરી માટે ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા માન્યતાપ્રાપ્ત અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે જાતિનું પ્રમાણપત્ર ખોટું માલુમપડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તાત્કાલિક અસરથી રદ થશે. |
| ૫.૪ | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર : | | |
| | ગુજરાત રાજ્યના સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારો માટે 27% બેઠકો રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતોને આધિન છે : | | |
| | ૧ | | આ કેટેગરીની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે પોતાની જાતિનો સમાવેશ સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગમાં થાય છે તે મતલબનું ગુજરાત રાજ્યના સક્ષમઅધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. |
| | ૨ | | સા.શૈ.પ.વ. ના ઉમેદવારે "ઉન્નતવર્ગમાં સમાવિષ્ટ થતો નથી" તે મતલબનું સક્ષમઅધિકારીનું પ્રમાણપત્ર (નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ) રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની તા.૧.૦૪.૨૦૧૮ અથવા માન્ય મુદતનું હોવું જોઈએ અન્યથા તેઓને સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મળી શકશે નહીં. ( ગુજરાત સરકારના સામાજીક ન્યાય અધિકારિતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તા.૨૬/૦૪/૨૦૧૬ની જોગવાઈ મુજબ) |
| | ૩ | | સા.શૈ.પ.વ.ના જે ઉમેદવારને મેરીટના ધોરણે બીન અનામત કેટેગરીમાં પ્રવેશ મળ્યો હશે તેનો સમાવેશ અનામત બેઠક પર કરવાનો રહેશે નહીં. |
| | ૪ | | સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે માટેના સક્ષમઅધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે જાતિનું પ્રમાણપત્ર ખોટું માલુમપડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તત્કાલિન અસરથી રદ થશે. |
| ૫.૫ | દિવ્યાંગ ઉમેદવારો : | | |
| | ગુજરાત રાજ્યના વિકલાંગ ઉમેદવારો માટે ૫% બેઠકો અનામત રાખવામાં આવેલ છે અને જે - તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે. તેમજ નીચેની શરતોને આધિન રહેશે : | | |
| | ૧ | | શારીરિક દિવ્યાંગતા બાબતે ઉમેદવારની પ્રવેશપાત્રતા ગેરલાયક ઠરાવવામાં આવશે, જો.... |
| | | a | કુલ શારીરિક દિવ્યાંગતા (છાતી/સ્પાઇન સહિત) ૫૦ % કરતા વધારે હોય |
| | | b | પગની દિવ્યાંગતા ૫૦ % કરતા વધારે હોય |
| | | c | હાથની દિવ્યાંગતા હોય |
| | | d | દ્રષ્ટિની દિવ્યાંગતા અને સાંભળવાની વિકલાંગતા હોય |
| | | e | ક્રમશ: વધતા જતા માયોપેથીઝ જેવા રોગોથી પીડીત ઉમેદવાર હોય |
| | | f | જે તે અભ્યાસક્રમમાં ભણવા માટે અને તેના પ્રાયોગિક કાર્યો / ફીલ્ડ વર્ક કરવામાં બાધક દિવ્યાંગતા હોય |
| | ૨ | | દિવ્યાંગ ઉમેદવારની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમઅધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જેનો નમુનો પાછળ આપેલ છે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે પ્રમાણપત્ર ખોટું માલુમપડશે તો તે ઉમેદવારનો દિવ્યાંગ માટેની અનામત બેઠક પર પ્રવેશનો અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલિક અસરથી રદ થશે. |

| | | | |
|---|---|---|---|
| ૫.૬ | સેનાના કર્મચારીના સંતાનો માટે અનામત બેઠક | | |
| | સેનાના કર્મચારીના સંતાનો માટે 1% બેઠક અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતોને આધિન છે : | | |
| | ૧ | મૂળ ગુજરાત રાજ્યના સેનાના કર્મચારીના સંતાનોનો સમાવેશ અનામત કેટેગરી અંતર્ગત થતો હોય અને તેમણે ધોરણ - 12 ની પરીક્ષા ગુજરાત રાજ્યમાં આવેલ શાળામાંથી પાસ કરેલ હોય તો તેઓનો સમાવેશ આ કેટેગરીમાં કરવાનો રહેશે. | |
| | ૨ | સેનાના કર્મચારીના બાળકો માટેની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ડાયરેક્ટર સૈનિક વેલ્ફેર, ગુજરાત રાજય અથવા જિલ્લા બોર્ડ સૈનિક વેલ્ફેર ઓફિસર (સેના નિવૃત્ત કર્મચારી) કે જે તે કમાન્ડીંગ ઓફિસરનું જરૂરી (ચાલુ કર્મચારી) પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. | |
| | ૩ | ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-12ની પરીક્ષા પાસ કરેલ સેનાના કર્મચારી ના સંતાનોને તેઓની અનામત બેઠક પર પ્રવેશ આપ્યા બાદ જો કોઈ બેઠકો ખાલી રહે તો તેના પર અન્ય બોર્ડમાંથી ધોરણ-12 પાસ કરનાર સેનાના કર્મચારીના સંતાનોને પ્રવેશ આપવામાં આવશે. તેમછતાં જો આ અનામત બેઠકો ખાલી રહે તો તેના પર બિન-અનામત કેટેગરીના ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે. | |
| | ૪ | ઉમેદવાર સેનામાં કાર્યરત કર્મચારી / સેના નિવૃત કર્મચારીના સંતાનો માટેની અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા માટે જરૂરી ઓછામાં ઓછી લાયકાત ધરાવતો હોવો જોઈએ. | |
| | ૫ | સેનાના કર્મચારીના સંતાનો માટેની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે તે મતલબનું સક્ષમઅધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે આવુ પ્રમાણપત્ર ખોટું માલુમપડશે તો તે ઉમેદવારનો આવી અનામત બેઠક પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલિક અસરથી રદ થશે. | |
| ૫.૭ | પારસી જાતિ : | | |
| | ૧ | ગુજરાત રાજ્યના વતની એવા પારસી જાતિના ઉમેદવારો માટે 1 વધારાની બેઠક રાખવામાં આવેલ છે. જે અન્ય કેટેગરીમાં તબદિલ થઈ શકશે નહીં. | |
| | ૨ | પારસી જાતિની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમઅધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે જાતીનું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તત્કાલિક અસરથી રદ થશે. | |
| ૫.૮ | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતેના બી.ટેક.(ડેરી ટેકનૉલોજી)ના અભ્યાસક્રમમાં પ્રવેશ ઈચ્છુક ઉમેદવાર પોતે પશુપાલક /પશુપાલકના પુત્ર કે પુત્રી/ભાઈ/બહેન/પૌત્ર/પૌત્રી હોય તો તેને વધારાના 5% ગુણ મળવાપાત્ર છે. જે માટે ઉમેદવારે સક્ષમઅધિકારીઓ જેવા કે, સેક્રેટરી / ચેરમેન, મિલ્ક કો-ઓપરેટીવ સોસાયટી અથવા પ્રાઈમરી એગ્રીકલ્ચર કો-ઓપરેટિવ સોસાયટી, સરપંચ, તલાટી, ધારાસભ્ય અથવા સંસદ સભ્ય પાસેથી જરૂરી પ્રમાણપત્ર લાવવાનું રહેશે. | | |
| ૫.૯ | કાશ્મીરી વિસ્થાપિતો : | | |
| | કાશ્મીરી વિસ્થાપીતો માટે 2 બેઠકો અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતોને આધિન છે : | | |
| | ૧ | પ્રવેશ વખતે વિદ્યાર્થીને નીચે મુજબની છૂટછાટ આપવામાં આવશે | |
| | | (i) | પ્રવેશની તારીખમાં 30 દિવસની છૂટછાટ |
| | | (ii) | ઓછામાં ઓછી પ્રવેશ લાયકાતમાં 10% ની છૂટછાટ |
| | | (iii) | વતની હોવાના પ્રમાણપત્રની જરૂરીયાત નથી |
| | | (iv) | બીજા અને ત્યારબાદના વર્ષોમાં કોલેજ-સ્થળાંતરમાં છૂટછાટ |

| | | |
|---|---|---|
| | (v) | પ્રવેશ પરીક્ષા આપેલ હોવી જરૂરી નથી. |
| | ૨ | આવા ઉમેદવારના નામાંકન માટેની અરજી કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય ધ્વારા મોકલાવાયેલ હોય તો જ પ્રવેશ માટે માન્ય ગણાશે. |
| | ૩ | ઉમેદવાર જમ્મુ કાશ્મીર રાજયમાંથી જે રાજ્યમાં સ્થળાંતરિત થયેલ હોય તે રાજ્યના ડેપ્યુટી કમિશ્નરનું તે મતલબનું રજીસ્ટ્રેશન નંબર સાથેનું પ્રમાણપત્ર અને રેશન કાર્ડ રજૂ કરવાનું રહેશે. |
| | ૪ | આ નિયમો જમ્મુ કાશ્મીરની પરિસ્થિતી સામાન્ય થાય ત્યાં સુધી જ લાગુ પડશે. |
| | ૫ | ઉમેદવારે રજૂ કરેલ કાશ્મીરી વિસ્થાપિત અંગેનું પ્રમાણપત્ર સંબંધિત સક્ષમઅધિકારી દ્વારા પ્રમાણિત કરેલ હોવું જરૂરી છે. |
| **૬.૦ મેરીટ લિસ્ટ :** | | |
| ૬-A | | બી.ટેક. (ડેરી ટેકનોલોજી) / બી.ટેક (એગ્રી.એન્જી.) / બી.ટેક. (ફૂડ ટેકનોલોજી) / બી.ટેક. (રીન્યુએબલ એનર્જી એન્ડ એનવાયરમેન્ટલ એન્જી.) / બી.ટેક. (એગ્રી. ઈન્ફોર્મેશન ટેકનોલોજી) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નિયત સમય મર્યાદામાં ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરેલ હોય અને પ્રવેશ માટેની લાયકાત ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારોનું મેરીટ લિસ્ટ નીચે પ્રમાણે બનાવવામાં આવશે. |
| ૬.A.૧ | | GUJCET કે રાજ્ય સરકાર ધ્વારા માન્ય પ્રવેશ પરીક્ષા અને ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ) ની પરીક્ષામાં (ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને ગણિત વિષયની ફક્ત થીયરીમાં) મેળવેલ કુલ ગુણના અનુક્રમે 40% અને 60%. મુજબ |
| ૬.A.૨ | | કૃષિ યુનિવર્સિટીઓની મધ્યસ્થ પ્રવેશ સમિતિ નીચે મુજબના ગૃપ વાઇઝ અલગ અલગ મેરીટ લિસ્ટ જાહેર કરશે, જેવા કે : |
| | I | ગુજરાત બોર્ડમાંથી ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષા પાસ કરનાર અરજદારોનું મેરીટ લિસ્ટ (પ્રથમમેરીટ લિસ્ટ). તે પૈકીના અનામત કેટેગરીના અરજદારોનું મેરીટ લિસ્ટ કેટેગરી વાઇઝ અલગથી બનાવવામાં આવશે. |
| | II | કેન્દ્રિય અને અન્ય બોર્ડમાંથી તથા કાઉન્સીલ ઓફ ઈન્ડિયન સ્કૂલ સર્ટીફીકેટ એકઝામીનેશન, ન્યુ દિલ્હી અથવા નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓપન સ્કૂલીંગ અથવા ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડમાંથી ધોરણ-12(વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષા પાસ કરનાર અરજદારોનું મેરીટ લિસ્ટ (દ્વિતીય મેરીટ લિસ્ટ) બનાવવામાં આવશે. |
| ૬.A.૩ | | બે અથવા વધારે ઉમેદવારના મેરીટ માર્ક એકસરખા થશે તો તેઓનું મેરીટ લિસ્ટ નીચે પ્રમાણેના વિષયોના માર્ક / વયની ક્રમશ: સરખામણી કરી બનાવવામાં આવશે : |
| | I | જે ઉમેદવારે ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં ગણિત વિષયની (ફક્ત થીયરી)માં વધારે ગુણ મેળવેલ હોય |
| | II | જે ઉમેદવારે ધોરણ-12(વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાન વિષયની (ફક્ત થીયરી)માં વધારે ગુણ મેળવેલ હોય |
| | III | જે ઉમેદવારે ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ) પરીક્ષામાં રસાયણ વિજ્ઞાન વિષયની (ફક્ત થીયરી)માં વધારે ગુણ મેળવેલ હોય |
| | IV | જે ઉમેદવારે ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં અંગ્રેજી વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | V | જે ઉમેદવારે ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં કુલ વધારે ગુણ મેળવેલ હોય |
| | VI | જે ઉમેદવારની વય વધારે હોય |
| ૬-B | | બી.ટેક (એગ્રી આઈ.ટી.) અભ્યાસક્રમમાં પ્રવેશ માટેનું મેરીટ લિસ્ટ : |
| | • | GUJCET કે રાજ્ય સરકાર દ્વારા માન્ય પ્રવેશ પરીક્ષા અને ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ) ની પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાન, રસાયણિક વિજ્ઞાન અને જીવવિજ્ઞાન/ગણિત વિષયની ફક્ત થીયરીમાં મેળવેલ કુલ ગુણના અનુક્રમે 40% અને 60%. મુજબ |

## ૭.૦ ફીનું ધોરણ

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ હસ્તક ચાલતા એ ગૃપના જૂદા જૂદા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ફી / ડીપોઝીટનું ધોરણ

| ક્રમ | ફી / ડીપોઝીટની વિગત | | (રકમ) (રૂ.) છોકરાઓ માટે | (રકમ) (રૂ.) છોકરીઓ માટે |
|---|---|---|---|---|
| ૧ | **તમામ નવા વિધાથીઓએ પહેલા રજીસ્ટ્રેશન વખતે ચૂકવવા પાત્ર ફી અને ડીપોઝીટ** | | | |
| | કોશન મની | | 1000 | 1000 |
| | હોસ્ટેલ ડીપોઝીટ | | 1000 | 1000 |
| | મેસ ડીપોઝીટ | | 1500 | 1500 |
| | ઈલેક્ટ્રિક ડીપોઝીટ | | 2000 | 2000 |
| | ઓળખપત્ર ફી | | 50 | 50 |
| | થેલેસેમીયા ટેસ્ટ ફી | | 150 | 150 |
| | **કુલ** | | **5700** | **5700** |
| ૨ | **દરેક એકી સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | | |
| | યુનિવર્સિટી મેડીકલ ટેસ્ટ ફી | | 100 | 100 |
| | મેગેઝીન ફી | | 100 | 100 |
| | સ્ટુડન્ટસ એઈડ ફંડ | | 50 | 50 |
| | જનરલ એમીનિટી | | 200 | 200 |
| | **કુલ** | | **450** | **450** |
| ૩ | **દરેક સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | | |
| | રજીસ્ટ્રેશન ફી | | 500 | 500 |
| | શિક્ષણ ફી | | 3500 | - |
| | લાઈબ્રેરી ફી | | 500 | 500 |
| | પરીક્ષા ફી | | 500 | 500 |
| | જીમખાના ફી | | 200 | 200 |
| | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ફી | | 200 | 200 |
| | પ્રયોગશાળા ફી | | 500 | 500 |
| | હોસ્ટેલ ફી | | 1500 | - |
| | માર્કશીટ ફી | | 150 | 150 |
| | **કુલ** | | **7550** | **2550** |
| | **સમગ્ર કુલ (૧+૨+૩)** | | **13700** | **8700** |
| ૪ | **અન્ય પ્રકારની ફી (જરૂરીયાત પ્રમાણે)** | | | |
| | a. | પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર | 100 | 100 |
| | b. | પ્રોવીઝનલ પદવી પ્રમાણપત્ર | 100 | 100 |
| | c. | ટ્રાન્સક્રીપ્ટ (ફક્ત છેલ્લા સેમેસ્ટર માટે) | 200 | 200 |
| | d. | સ્થળાંતર પ્રમાણપત્ર | 200 | 200 |
| | e. | ડુપ્લીકેટ સ્થળાંતર પ્રમાણપત્ર | 1000 | 1000 |
| | f. | પદવી પ્રમાણપત્ર | | |
| | | પદવીદાન સમારંભમાં હાજર રહીને | 500 | 500 |
| | | પદવીદાન સમારંભમાં ગેરહાજર રહીને | 1000 | 1000 |
| | g. | ડુપ્લીકેટ પદવી પ્રમાણપત્ર | 2000 | 2000 |
| | h. | પુનઃ નોંધણી | 2000 | 2000 |
| | i | ડુપ્લીકેટ ગુણપત્રક | 1000 | 1000 |
| | j. | ડુપ્લીકેટ ટ્રાન્સક્રીપ્ટ | 1000 | 1000 |
| | k. | ગ્રેડ વેરીફીકેશન | 200 | 200 |
| | l. | શૈક્ષણિક પ્રમાણપત્રો/દાખલા પ્રમાણિત (એટેસ્ટેડ) કરવા | 50 | 50 |
| | m. | નવું ઓળખપત્ર | 50 | 50 |

નોંધ :

૧. વિદેશી વિદ્યાર્થીઓ માટેની ફી ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (આઇ.સી.એ.આર.)ના નિયમો મુજબ રહેશે.

૨. યુનિવર્સિટીની અંગભૂત કોલેજોમાં ભારતીય નાગરિકત્વ ધરાવતી વિદ્યાર્થિનીઓ (બહેનો) માટે શિક્ષણ અને હોસ્ટેલ ફી માફી છે.

૩. પ્રવેશ પ્રક્રિયા પુર્ણ થયા બાદ પોતાનો પ્રવેશ રદ્દ કરાવવા ઈચ્છતા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં તેમણે ભરેલ ફી પરત મળશે નહીં

| ૮.૦ | **ખોટા પ્રમાણપત્રો રજૂ કરવાથી પ્રવેશ રદ થવો :** |
|---|---|
| | જો કોઈ ઉમેદવારના પ્રમાણપત્ર / દસ્તાવેજ / માહિતી કોલેજ ખાતે તેના વિધ્યાશાખાધ્યક્ષ / આચાર્ય દ્વારા પ્રવેશ સમયે ઓરીજીનલ દસ્તાવેજ ચકાસણી દરમ્યાન ખોટા જણાશે તો,<br>૧. આવા ઉમેદવારનું નામ તે વર્ષની પ્રવેશયાદીમાંથી રદ કરવામાં આવશે.<br>૨. ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ ફી જપ્ત કરવામાં આવશે. |

| ૯.૦ | **અભ્યાસક્રમની સામાન્ય માહિતી :** |
|---|---|
| | ૧. શિક્ષણનું માધ્યમઅંગ્રેજી છે.<br>૨. જે તે ડિગ્રી કોર્ષ, તેના વિષયો, વિનિયમો, પરીક્ષા વગેરેને લગતી તમામ માહિતી જે તે કોલેજના આચાર્ય પાસેથી મેળવી શકાશે. જેમાં જરુર પડ્યે સુધારા વધારા કરવાની સત્તા યુનિવર્સિટીના સત્તાધીશોને અબાધિત રહેશે. યુનિવર્સિટી તેની કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે પુર્ણસમયના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવે છે. સેમેસ્ટર પધ્ધત્તીના આવા અભ્યાસક્રમહેઠળ, છૂટછાટ આપેલ હોય અથવા હોસ્ટેલ ફાળવેલ ન હોય તે સિવાયના, દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે. |

| ૧૦.૦ | **પ્રવેશ પ્રક્રિયા** |
|---|---|
| ૧ | ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના એ-ગૃપના અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની સઘળી કામગીરી નોડલ અધિકારીશ્રી (એ-ગૃપ) અને કુલપતિશ્રી, નકૃયુ, નવસારીના સીધા માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવશે. |
| ૨ | પ્રવેશ અંગેની સઘળી બાબતો વેબસાઇટ www.a.gsauca.in <http://www.a.gsauca.in> /www.nau.in ઉપરથી જોઈ શકાશે. |
| ૩ | ધોરણ- ૧૨ ના પરિણામ જાહેર થયા બાદ એ-ગૃપમાં પ્રવેશ માટેની જાહેરાત માટે ઉપરોક્ત વેબસાઇટ ચકાસવાની રહેશે. |
| ૪ | પ્રવેશ અંગેની જાહેરાત ગુજરાતનાં દૈનિક સમાચાર પત્રોમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવશે. |
| ૫ | પ્રવેશ પ્રક્રિયા બે રાઉન્ડ ઓનલાઇન કરવામાં આવશે ત્યારબાદ રૂબરૂ કાઉન્સેલીંગ કરવામાં આવશે. |
| ૬ | સ્નાતક કક્ષાના પ્રવેશ માટે વેબસાઇટ www.a.gsauca.in <http://www.a.gsauca.in> ઉપરથી ચલણની પ્રિન્ટ કાઢી ગુજરાતની "HDFC" બેંકની કોઈ પણ શાખામાં અથવા ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ/ઓનલાઇન નેટ બેંકીંગ દ્વારા રૂ.200/- પ્રથમભરવાના રહેશે. ત્યારબાદ ૨૪ કલાક બાદ ચલણ નંબર નાખી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. |
| ૭ | ઓનલાઈન અરજીપત્રક ભરી ફોર્મ સબમીટ કરવાનું રહેશે. |
| ૮ | ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના નક્કી કરેલ હેલ્પ સેન્ટર ખાતે ઓનલાઈન ભરેલ અરજી પત્રક, અસલ પ્રમાણપત્રો/દસ્તાવેજોની ચકાસણી કરાવવી ફરજીયાત છે. |
| ૯ | હેલ્પ સેન્ટર ખાતે ફોર્મની ભૌતિક ચકાસણી કરાવેલ ન હોય તેવા ઉમેદવારના નામ મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે નહીં. |
| ૧૦ | ઓનલાઇન રજીસ્ટ્રેશન, એડમીશન રાઉન્ડ અને પ્રવેશપ્રક્રિયાના મુદ્દાઓ ફ્લો ચાર્ટમાં બતાવ્યા મુજબ હાથ ધરવામાં આવશે અને જે તે પ્રવેશપાત્ર ઉમેદવારે પોતાનુ એડમીશન પ્રવેશપ્રક્રિયાના મુદ્દાઓને ધ્યાને રાખી કન્ફર્મ કરાવવાના રહેશે. અન્યથા તેઓનુ એડમીશન આપોઆપ રદ્દ થઇ જશે અને ઉમેદવાર આ બાબતે કોઇ હકક દાવો કરી શકશે નહિ. |

## (૧) ઓન લાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા

અગ્રણી વર્તમાનપત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત

↓

યુનિવર્સિટી દ્વારા નિર્ધારીત કરેલ બેંક શાખાઓમાં ફોર્મ ફી ભરી ચલણ મેળવવું

↓

વેબસાઈટ www.a.gsauca.in <http://www.a.gsauca.in> ઉપર ઓન લાઈન ફોર્મ ભરવુ

↓

નિર્ધારીત હેલ્પ સેન્ટર ઉપર ફોર્મ વેરીફાઈ કરાવવું તથા દસ્તાવેજોની ચકાસણી અવશ્ય કરાવવી

↓

ઓનલાઈન ચોઈસ ફીલીંગ

## (૨) ઓન લાઈન પસંદગી અને પ્રવેશ કાયમ કરવાની પ્રક્રિયા

પ્રથમ પસંદગીનો તબક્કો મોક રાઉન્ડ હશે જેનુ વિશ્લેષણ કરી બેઠકોની પસંદગીમાં સુધારો કે વધારો કરી વાસ્તવિક તબક્કામાં (Actual Round) પ્રવેશ સુરક્ષિત કરી શકાય.

↓

યુનિવર્સિટી દ્વારા વાસ્તવિક તબક્કા (Actual Round)માં ગુણવત્તા નંબર તથા કોલેજની પસંદગીના આધારે ઉમેદવારને પ્રવેશ ફાળવવામાં આવશે

↓

ઉમેદવાર પ્રવેશ કાયમ કરાવવા માટે ટોકન ફી / નિર્ધારિત ફી સુચિત બેંકની કોઈપણ શાખામાં રોકડેથી / ઓનલાઈન ભરી શકાશે.

↓

ટોકન ફી ભર્યા પછી ફાળવેલ પ્રવેશ કાયમકરવા માટે જે તે કોલેજ ઉપર રીપોટીંગ કર્યા બાદ કોલેજ કચેરીએથી ઓન લાઈન પ્રવેશ મેમો મેળવી લેવાનો ફરજીયાત છે.

**'એ' ગ્રુપની કોલેજોમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયા (૨૦૧૮-૧૯) ના મુદ્દાઓની વિસ્તૃત માહિતી અને સમજ**

૧. સૌ પ્રથમવિદ્યાથીઓએ બેંકમાં જરૂરી ફોર્મ ફી ભરી ચલણ મેળવી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૨. વિદ્યાથીએ ઓનલાઈન રજીસ્ટ્રેશન બાદ ઓનલાઈન અરજી કરતી વખતે સૌ પ્રથમગ્રુપ પસંદ કરવાનું રહેશે.

૩. વિદ્યાથીએ જે તે ફેકલ્ટીમાં આવતી કોલેજોમાંથી પસંદગીની કોલેજોને અગ્રતાક્રમમુજબ ટીક (✓) કરવાની રહેશે અને જે તે નજીકના હેલ્પ સેન્ટર ઉપર જઈ ફોર્મ અવશ્ય વેરીફાઈ કરાવી એપ્લીકેશન કન્ફર્મ કરવાની રહેશે.

૪ મેરીટની યાદી ફેકલ્ટી-વાઈઝ/કોલેજ-વાઈઝ નિયમોનુસાર તૈયાર કરવામાં આવશે.

૫. જે તે ફેકલ્ટીમાં ચોઈસ મુજબ પ્રથમમોક રાઉન્ડમાં વિદ્યાથીને પ્રવેશ મળવાપાત્ર કોલેજની માહિતી જોવા મળશે.

૬. મોક રાઉન્ડના આધારે ચોઈસ બદલવા માટે એકથી બે દિવસ આપવામાં આવશે.

૭. પાંચ દિવસમાં પ્રથમ રાઉન્ડનું એલોટમેન્ટ કોલેજ-વાઇઝ અને કેટેગરી-વાઈઝ આપવામાં આવશે.

૮. પ્રવેશ પાત્ર ઉમેદવારને પ્રથમ રાઉન્ડમાં જ જો પસંદગીની કોલેજ મળી ગઈ હોય તો બેંકમાં જઈ વિદ્યાથી અને વિદ્યાથીની માટે દર્શાવેલ ફી 'HDFC' બેંકની શાખામાં ભરી રીસીપ્ટ મેળવી લેવાની રહેશે અને જે તે કોલેજ ઉપર બે થી ત્રણ દિવસમાં (રજાના દિવસો સિવાય) ફરજીયાતપણે રીપોર્ટીંગ કરી એડમીશન કન્ફર્મ કરાવવાનું રહેશે. જે વિદ્યાથીઓને પસંદગીની કોલેજ મળી જતી હશે અને એડમીશન કન્ફર્મ કરાવશે એટલે તેમનું નામઆગળના મેરીટ લીસ્ટમાંથી આપોઆપ રદ થઈ જશે.

૯. જે ઉમેદવારોનું નામ એલોટમેન્ટ લીસ્ટમાં હોય અને પસંદગીની કોલેજ ના મળી હોય પરંતુ બીજા રાઉન્ડનો લાભ લેવા માંગતા હોય તેમણે વિદ્યાથી/વિદ્યાથીની માટેની દર્શાવેલ ફી બેકમાં જઈ ભરી દેવાની રહેશે જેથી તેમનું નામઆગળના રાઉન્ડમાં ચાલુ રહેશે.

૧૦. ત્યાર પછી બીજા રાઉન્ડનું એલોટમેન્ટ આપવામાં આવશે. જેને એલોટમેન્ટ મળેલ છે તે ઉમેદવારે પ્રથમરાઉન્ડની માફક જ એડમીશન કન્ફર્મ કરાવવાનું રહેશે અથવા રૂબરૂ કાઉન્સેલીંગમાં ભાગ લેવા માટે "H D FC" બેંકમાં જરૂરી ફી ભરી દેવાની રહેશે.

૧૧. ઉપરોકત બે ઓનલાઇન રાઉન્ડ બાદ ખાલી રહેલ બેઠકો માટે રૂબરૂ કાઉન્સેલિંગ ટકાવારીના આધારે જનરેટ કરવામાં આવેલ નવી જનરલ મેરીટ યાદી મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. રૂબરૂ કાઉન્સેલિંગનાકાર્યક્રમવેબસાઈટ પર મૂકવામાં આવશે.

૧૨. ઉપર મુજબ એડમીશન કન્ફર્મ કરાવેલ તમામઉમેદવારોએ સૂચિત તારીખો દરમિયાન જે તે કોલેજમાં જઇ રીપોટીંગ કરી દેવાનુ રહેશે. એડમીશન કન્ફર્મ કરાવ્યા પછી રીપોટીંગ નહિ કરાવનાર ઉમેદવારોનો પ્રવેશ રદ થશે અને ફી પરત કરવામાં આવશે નહી.

વિશેષ નોંધ: બીજા રાઉન્ડના અંતે ચોઈસની કોલેજ મળેલ નથી અને એડમીશન કન્ફર્મ કરાવેલ નથી આવા ઉમેદવારો જો ફાઈનલ રૂબરૂ કાઉન્સેલીંગનો લાભ લેવા માંગતા હોય તો આવા ઉમેદવારોએ પણ બેંકમાં ફી ભરી દેવાની રહેશે. આમ કરવાથી તેમનું નામ રૂબરૂ કાઉન્સેલીંગની મેરીટમાં સામેલ રહેશે. બીજા રાઉન્ડના અંતે ખાલી રહેલ બેઠકો માટે બીજા રાઉન્ડના અંતે પણ ચોઈસ ન મળતા એડમીશન કન્ફર્મ કરાવેલ નથી પરંતુ ફી ભરી દીધેલ છે તેવા ઉમેદવારો અને એડમીશન મળેલ નથી તેવા બાકી ઉમેદવારોનું જનરલ મેરીટ લીસ્ટ બનાવવામાં આવશે અને રૂબરૂ કાઉન્સેલિંગ દ્વારા આ સીટો ભરવામાં આવશે.

| **૧૧.૦** | **એન્ટિ રેંગીંગ કમિટી :** |
|---|---|
| | દરેક યુનિવર્સિટીમાં એન્ટિ રેગીંગ કમિટિ કાર્યરત છે. જો કોઇ વિદ્યાથી રેગીંગ કરતો જણાશે તો તેને કાયદાનુસાર યોગ્ય સજા કરવામાં આવશે. રેગીંગ કરનાર વિદ્યાથી સામે એફ આઇ આર (FIR) દાખલ કરી શકાશે. |

| **૧૨.૦** | **વિદ્યાથીનીઓને હેરાનગતી બાબત :** |
|---|---|
| | વિદ્યાર્થિનીઓને હેરાન કરતા તત્વો વિરુધ્ધ ફરિયાદ કરવા માટે દરેક યુનિવર્સિટીમાં એક સેલ સ્થાપવામાં આવેલ છે. જો કોઇ પણ ઇસમકન્યાઓ કે મહિલાઓને હેરાન કરતાં જણાશે તો તેને યોગ્ય સજા કરવામાં આવશે. |

| **૧૩.૦** | **ડિસ્કલેઇમર :** |
|---|---|
| | આ માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ નિવેદન કે માહિતી છાપતી વખતે અમારી જાણ મુજબ બરાબર છે. આ માહિતી કોઇપણ જાતની જાણ કર્યા સિવાય બદલવાની, ધટાડવાની, વધારવાની, તેમાં સુધારા-વધારા કરવાની, ફેરફાર કરવાની અબાધિત સત્તા યુનિવર્સિટીને રહેશે. પ્રવર્તમાન વિનિયમો બદલવાથી કે સુધારા-વધારા કરવાથી કે અન્ય કોઇપણ રીતે વિદ્યાથીને અભ્યાસ દરમ્યાન કોઇ મુશ્કેલી પડે, તે માટે વિદ્યાથી કે અન્ય વ્યકિતને કોઇ ખર્ચ થાય કે કંઇપણ નુકશાન કે ખોટ જાય તો તેની કોઇપણ પ્રકારની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં. |

## ૧૪. શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮ ના પ્રવેશના કટ ઓફ માર્ક્સ

### ગત વર્ષે ટકાવારી મુજબ અટકેલ પ્રવેશની માહિતી (કેટેગરી પ્રમાણે)

### ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (એ - ગ્રૂપ)

| અભ્યાસક્રમ | કોલેજ / યુનિવર્સિટી | જનરલ | અનુસુચિત જાતિ 7% | અનુસુચિત જનજાતિ 15% | શા.શૈ.પ.વ 27% | અન્ય બોર્ડ | દિવ્યાંગ # | એક્સ આર્મીમેન | ★★ પારસી જાતિ | ★★કાશ્મીરી માઈગ્રેંટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| બી.ટેક. (ડેરી ટેકનૉલોજી) | શેઠ મ. છ. ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય, આકૃયુ., આણંદ | 68.47 | 52.75 | 24.97 | 69.90 | 62.00 | 43.63 | 66.01 | -- | -- |
| બી.ટેક. (કૃષિ ઈજનેરી) | કૃષિ ઈજનેરી અને ટેકનૉલોજી મહાવિદ્યાલય, આકૃયુ, ગોધરા | 40.48 | 40.73 | 22.83 | 38.42 | -- | -- | -- | -- | -- |
| | કૃષિ ઈજનેરી અને ટેકનૉલોજી મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ | 52.77 | 28.03 | 26.93 | 57.33 | 34.75 | 27.88 | -- | -- | -- |
| | કૃષિ ઈજનેરી અને ટેકનૉલોજી મહાવિદ્યાલય, નકૃયુ, ડેડીયાપાડા | 37.05 | - | -- | 36.00 | -- | -- | -- | -- | -- |
| બી.ટેક. (ડેરી ટેકનૉલોજી) | જી.એન. પટેલ ડેરી વિજ્ઞાન અને ફૂડ ટેકનૉલોજી મહાવિદ્યાલય, સદાંકૃયુ, સ.કૃ.નગર | 51.85 | 29.90 | 35.55 | 41.23 | 44.17 | -- | -- | -- | -- |
| બી.ટેક. (ફૂડ ટેકનૉલોજી) | | 49.70 | 27.22 | 32.17 | 40.03 | 42.27 | -- | | -- | -- |
| બી.ટેક. (ફૂડ ટેકનૉલોજી) | કોલેજ ઓફ ફૂડ પ્રોસેસીંગ ટેકનૉલોજી એન્ડ બાયો એનર્જી, આકૃયુ, આણંદ | 58.40 | 27.02 | 27.47 | 51.85 | 60.40 | 40.00 | -- | -- | -- |
| બી.ટેક. (રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટલ એન્જીનિયરીંગ) | રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટલ એન્જીનિયરીંગ મહાવિદ્યાલય, સદાકૃયુ, સ.કૃ.નગર | 23.68 | 21.41 | 22.30 | 24.26 | 23.00 | -- | -- | -- | -- |

**ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી/ મેથેમેટીક્સ (એ અને બી - ગૃપ)**

| અભ્યાસક્રમ | કોલેજ / યુનિવર્સિટી | જનરલ | અનુસુચિત જાતિ 7% | અનુસુચિત જનજાતિ 15% | શા.શૈ.પ.વ 27% | અન્ય બોર્ડ | દિવ્યાંગ # | એક્સ આર્મીમેન | ★★ પારસી જાતિ | ★★કાશ્મીરી માઈગ્રેંટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| બી.ટેક. (એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનૉલોજી) | એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનૉલોજી મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ | 39.18 | 25.10 | - | 31.63 | 46.58 | - | - | - | - |

**૧૫. વિશેષ નોંધ**

ગુજરાત રાજ્યમાં કૃષિ અને તેને સંલગ્ન વિષયો કૃષિ ઈજનેરી, પશુપાલન, ડેરી તથા ફીશરીઝ ક્ષેત્રોમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત યુનિવર્સિટીઓ રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં કાર્યરત છે.

ગુજરાત રાજ્યની કોઈપણ ખાનગી સંસ્થા, કૃષિ અને તેને સંલગ્ન વિષયોમાં કોઈપણ અભ્યાસક્રમરાજ્ય સરકાર અથવા જે તે વિસ્તારમાં કાર્યરત કૃષિ યુનિવર્સિટીઓની પરવાનગી વગર શરૂ કરી શકે નહીં.

ખાનગી યુનિવર્સિટીઓ કે સંસ્થાઓ દ્વારા શરૂ કરાતા નવા અભ્યાસક્રમો સંદર્ભે વિદ્યાર્થીઓ અને વાલીઓના હિતને ધ્યાનમાં લઈ સંસ્થા તથા અભ્યાસક્રમની નોલેજ કોન્સોટીયમ ઓફ ગુજરાત, અમદાવાદ તથા રાજ્ય સરકારે સ્થાપેલ કૃષિ યુનિવર્સિટીઓનો સંપર્ક કરવાથી આવા ખાનગી સંસ્થાઓના અભ્યાસક્રમોની ખરાઈ કરી શકાશે.

વિદ્યાર્થીઓ-વાલીઓએ કૃષિ સંલગ્ન વિષયોના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા પહેલાં પૂરતી સજાગતા દર્શાવવી અને વિદ્યાર્થીનું ભવિષ્ય જોખમમાં ન મુકાય તે અંગે ફકત માન્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ લેવા માટે સર્વેને જાણ કરવામાં આવે છે.

છેલ્લામાં છેલ્લી માહિતી (Latest Information)
માટે નીચે દર્શાવેલ વેબસાઈટની મુલાકાત લેવી
www.gsauca.in <http://www.gsauca.in> /
www.a.gsauca.in <http://www.a.gsauca.in> /
www.nau.in <http://www.nau.in>

Candidate photo with round seal of Hospital

**ANNEXURE-A**

**Medical Certificate for Physically Handicapped Candidate**

FORM OF CERTIFICATE FOR PHYSICALLY DISABLED
CANDIDATE FOR ADMISSION TO FIRST YEAR COURSES IN
AGRICULTURAL UNIVERSITIES OF GUJARAT STATE
AFTER 12TH (H.S.C) SCIENCE STREAM

1. Full Name of candidate : ______________________

2. O.P.D. Case No. : ______________________

3. (a) Nature of disability : ______________________
   (to be mentioned in the square on the right side)
   POLIO; CEREBRAL PALSY,
   HEMIPLEGIA, QUADRUPLEGIA,
   AMPUTATIONS, PARAPLEGIA
   CONGENITAL & AQUIRED DEFORMITY
   VISUAL IMPAIRED,
   HEARING IMPAIRED
   OTHERS
   (b) Any disability in upper limbs? Yes / No ______________________
   (c) Extent of disability : ______________________
   (to be mentioned in box on the right side)
   BELOW 40% / 40% TO 50% / 50% TO 70%
   / ABOVE 70%

   Note: A Candidate shall not be admission to Agril. Engineering / Dairy Technology / Food Technology / Agril. Information Technology / Renewable Energy & Environmental Engineering degree course if he or she suffers for the following disabilities, namely:
   (a) Disability of total body including disability of chestorspine more than 50 %,
   (b) Disability of lower limb of more than 50%,
   (c) Disability of upper limb,
   (d) Visually handicapped candidates and those with hearing disability
   (e) Candidates with progressive diseases like myopathies etc.
   (f) Disabilities which otherwise would interfere in the performance of the duties in concerned subject.

4. Despite the disability whether the candidate is fit to undergo Agril. Engineering / Dairy Technology / Food Technology / Agril. Information Technology / Renewable Energy & Environmental Engineering thereafter (please state YES or NO in the square on the right side and strike out whichever course is not applicable)
   YES / NO ______________________

I certify that Shri / Kum ______________________ has been examined by the me Dr.______________________ Designation:______________________ on Dt. / /201 , and has been found physically handicapped and in my opinion, he/she is in a position to undertake Agril. Engineering / Dairy Technology / Food Technology / Agril. Information Technology / Renewable Energy & Environmental Engineering.

Outward No.:
Date :

Signature of Competent Authority of
Govt. Hospital (District or State level)

STAMP

Round seal

Countersigned by Medical Superintendent /
Civil Surgeon of Govt. Hospital (District or State level)

નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી - ૩૯૬ ૪૫૦

www.nau.in

कृणवन्तो राष्ट्रं कृषिसंपन्नम्

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ - ૩૮૮ ૧૧૦

www.aau.in

॥ कृषिमूलम् जगत् सर्वम् ॥

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ - ૩૬૨ ૦૦૧

www.jau.in

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદાર કૃષિનગર - ૩૮૫ ૫૦૬

www.sdau.edu.in